# શ્રી લોહાણા મહાપરિષદ

Registered under B.P.T. Act 1950 No. A/2119

મધ્યસ્થ કાર્યાલય : ઇસ્કોન મેગા મોલ, સેલર, એક્ઝીટ ગેટ પાસે, ઇસ્કોન મંદિરની બાજુમાં, એસ. જી. હાઈવે, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન : +૯૧ ૭૯ ૪૦૦૯૧૦૦૫

Email : jaymahaparishad@gmail.com • Website : www.lohanamahaparishad.org

| ઉમંગ એચ. ઠક્કર | પ્રવિણ ટી. કોટક | હિમાંશુ બી. ઠક્કર/પિયુષ જી. ગંઠા |
|---|---|---|
| વરિષ્ઠ ઉપપ્રમુખ | પ્રમુખ | મંત્રી |


## પ્રેસ નોટ

### શ્રી જલારામધામ, ચોટીલા મુકામે તા.૧૩ મે,૨૦૧૭ ના રોજ જીવનસાથી પસંદગી પરિચય મેળો

તા.૧૨/૧૩ મે, ૨૦૧૭ ના રોજ જલારામ ધામ ચોટીલા ખાતે શ્રી લોહાણા મહાપરિષદની લગ્નવિષયક સમિતિ દ્વારા આયોજિત આ પરિચય મેળામાં અંદાજે ૧૫૦૦ જેટલા ઉમેદવારો તથા તેમના માતા-પિતાઓને વહેલા તે પહેલાનાં ધોરણે યોગ્ય પસંદગી માટે માધ્યમ પૂરું પડાશે. ફક્ત સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના ઉમેદવારો માટે જ આયોજિત આ પરિચય મેળામાં બે વખત ભોજન પ્રસાદ, અલ્પાહાર તથા સમગ્ર આયોજન શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા દાતાશ્રીઓના સાથ-સહકારથી કરાશે. આ પરિચય મેળામાં ભાગ લેવા ઈચ્છતા સભ્યો માટે રજિસ્ટ્રેશન ફોર્મ માતૃસંસ્થાની વેબસાઈટ www.lohanamaparishad.org મહાજનશ્રીઓ તથા સંસ્થાઓના પ્રમુખશ્રીઓ તથા શ્રી લોહાણા મહાપરિષદના હોદ્દેદારો પાસે ઉપલબ્ધ છે. સુવાચ્ય અક્ષરે સંપૂર્ણ વિગતો સાથે ભરેલ ફોર્મ, કલર ફોટા તથા રજીસ્ટ્રેશન માટે રૂા. ૧૫૦૦/- (ચેક અથવા રોકડા) શ્રી લોહાણા મહાપરિષદના મધ્યસ્થ કાર્યાલય ઉપર પહોંચાડવાની છેલ્લી તારીખ ૨૦ માર્ચ, ૨૦૧૭ રહેશે. પરિચય મેળાના દિવસે રૂા. ૫૦૦/-ના મુલ્યનું બાયોડેટાનું કલર પુસ્તક તથા અન્ય સાહિત્ય રજીસ્ટ્રેશન કાઉન્ટર પરથી આપવામાં આવશે તથા રૂા. ૧૦૦૦/- દિકરા-દિકરીની ઉપસ્થિતિનું રજીસ્ટ્રેશન થયે કીટ સાથે પરત આપવામાં આવશે. આ કાર્યક્રમમાં ઉમેદવારની હાજરી અનિવાર્યપણે આવશ્યક છે. જો સભ્યની ઉપસ્થિતિ નહીં હોય તો રૂા. ૧૦૦૦/- પરત મળશે નહીં અને આ રકમ શ્રી લોહાણા મહાપરિષદના આરોગ્ય / શિક્ષણના સેવાકાર્ય ખાતે જમા લઈ તેની પહોંચ રજીસ્ટ્રેશન ફોર્મમાં જણાવેલ સરનામા ઉપર બાયોડેટાના પુસ્તક સાથે કુરિયરથી મોકલી આપવામાં આવશે. આ કાર્યક્રમના આયોજન અંગે સૌ પરિવારોને માહિતગાર કરવા વિનંતી. વધુ વિગત માટે મધ્યસ્થ કાર્યાલય પર શ્રી રમેશભાઈ અનમી (મો.)નો સંપર્ક કરવો.

- મધ્યસ્થ કાર્યાલય